# સને ૨૦૧૪–૧૫

RDD/OUT NO.311,
DT.20-06-2014

અપીલ અરજી તા.૦૭/૦૬/૨૦૧૪

**અરજદાર** :– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

**સામાવાળા** :– (૧) ડેપ્યુટી ઈજનેરશ્રી અને જાહેરમાહિતી અધિકારીશ્રી (હાઉસીંગ ખાતુ)
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી અને અપીલ અધિકારીશ્રી ( હાઉસીંગ ખાતુ)

**ફરિયાદની હકીકત** :–

**વિષય** :– તા.૧૭/૮/૧૩ ની સ્થા.સ.એ ઈન્ડોર સ્ટેડીયમમાં અંદાજે મોટો આંકડો ૧૬ કરોડ રૂા.નો ખર્ચ ૧૬ લાખનો નહિ કરવો પડે એવી પરિસ્થિત થયેલ હોય જેથી જાહેર બાંધકામ સમિતિની દરખાસ્તા સ્થા.સ.નં.અધ્યક્ષશ્રીએ મંજુર રાખેલ અને ટેન્ડરથી માહિતીની કયા ઈજારદારને સૂચિત રીપેરીંગની કામગીરી આપવામાં આવેલ જે ઈજારદારની માહિતીની કામગીરી કઈ તારીખથી શરૂ કરવામાં આવેલ સહિતની માહિતની ની નકલ.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૦૭/૦૬/૨૦૧૪ હાઉસીંગ ખાતું/ઈન./નં. ૬૩૩ તા.૦૯/૦૬/૨૦૧૪.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર સેન્ટ્રલ ઝોનમાં તા.૦૨/૦૫/૨૦૧૪, આઈ.ડી.નં.૨૧૪ થી અરજી કરી મુદ્દા નં.૧ ની માહિતી માંગવામાં આવેલ સદર અરજી આર.ડી.ડી./આઉટ/નં.૧૧૦ તા.૦૭/૦૫/૨૦૧૪ થી તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને હાઉસીંગ/આ./નં.૧૪૫ તા.૦૬/૦૫/૨૦૧૪ થી સમય મર્યાદામાં અરજદારશ્રીને જવાબ પાઠવેલ. જેનાથી તમો નારાજ થઈ અપીલ કરેલ.

ઉપરોકત આપના અપીલ અનુસંધાને જણાવવાનું કે નમૂનો–" ઘ" મુજબ જાહેરમાહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી ડી.કે.પારેખ પાસે આ ખાતાની કામગીરીએ સંબંધિત મુદ્દા નં.૧ ઈન્ડોર સ્ટેડીયમમાં રીપેરીંગની કામગીરી સોંપવામાં આવેલ છે તે અંગેની માહિતી આપવા વિનંતી કરેલ છે જે માહિતી આપને અત્રેના અગાઉના પત્ર નં.૫૯૬ તા.૨/૯/૧૩ થી પહોંચાડવામાં આવેલ હતી તેમ છતાં ફરી હાઉસીંગ વિભાગના આ.નં.૧૪૫ તા.૧૬/૫/૧૪ થી સદર માહિતી આપને ન મળેલ હોય તો ફરીથી પણ આપવામાં આવેલ હતી. સદર બાબતે ઈન્ડોર સ્ટેડીયમના રીપેરીંગના ટેન્ડરો ટેન્ડર નોટીસ નં.એડી.સી.ઈ./હાઉસીંગ/૧૪/૨૦૧૩–૧૪ થી ઓનલાઈન મંગાવવામાં આવેલ છે. ટેન્ડર મંજુરી પ્રક્રિયા હાલમાં પ્રગતિ હેઠળ હોવાથી વિષયોકત કામના ઈજારદાર અંગેની કોઈપણ જાતની માહિતી હાલ પર્યત આપી શકાય તેમ નથી જે આપશ્રીની જાણ કરવામાં આવેલ છે. જરૂરીયાત મુજબની માહિતી મેળવવા માટે કાર્યપાલક ઈજનેર અને અપીલ અધિકારી દ્વારા તા.૧૩/૬/૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાક સુધીના સમયમાં રૂબરૂ આવી જવા અંગેની જાણ કરવામાં આવેલ હતી.

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપરોકત હકીકત ધ્યાને લેતા વધુ વિગતે ચર્ચા કરતાં જણાવેલ કે ઈન્ડોર સ્ટેડીયમ સબબ નવરાત્રી પહેલાં ટેન્ડરો મંજુર કરાવી રીપેરીંગ કામગીરી કરવાનું આયોજન હતુ પરંતુ પ્રથમ પ્રયાસના ટેન્ડરો દફતરે થવાથી તથા બીજા પ્રયાસના ટેન્ડરો સક્ષમ સત્તાધીશની મંજુરી હેઠળ છે. જે સબબની રૂબરૂમાં માહિતી આપવામાં આવી અને જેનાથી અરજદારને સંતોષ થયેલ છે.

**-: હુકમ :-**

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપરોકત હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૫/૨૦૧૪ આઈ.ડી.નં.૨૧૪ ની અરજીથી માંગવામાં આવેલ માહિતિમાં જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**એપેલેટ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

નકલ રવાના :-
પ્રતિ,
**શ્રી નરેશભાઈ એન. બથવાર**